તા. ૨૦.૧૦.૨૦૨૬

**DV update: Police Motor Transport Cadre ની પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણી માટે Qualified ઉમેદવારોની યાદી જાહેર કરવા બાબત અંગે**

(1) જાહેરાત ક્રમાંકઃ GPRB/202526/3 અન્વયે પોલીસ સબ ઇન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સ્પોર્ટ) તથા જાહેરાત ક્રમાંકઃ GPRB/202526/4 અન્વયે હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનીક (ગ્રેડ-૧)ની તા.૨૩.૦૮.૨૦૨૬ના રોજ લેવામાં આવેલ લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારોના ગુણ તા.૧૩.૧૦.૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ હતા. જે ઉમેદવારો પોતાના લેખિત પરીક્ષાના ગુણ અંગે Rechecking (પુનઃચકાસણી) કરાવવા ઇચ્છતા હોય તે ઉમેદવારો પાસેથી તા.૨૦.૧૦.૨૦૨૬ સુધીમાં અરજી મંગાવવામાં આવેલ. પોલીસ સબ ઇન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સ્પોર્ટ)ની લેખિત પરીક્ષાના બેઠક નંબર (૧) ૪૦૦૦૦૪૮૭ તથા (૨) ૪૦૦૦૭૧૫૨ વાળા ઉમેદવારોએ નિયત સમયગાળા દરમિયાન પુનઃચકાસણી અંગે અરજી કરેલ છે. આ ઉમેદવારોના ગુણની પુનઃચકાસણી કરવામાં આવેલ છે. અરજીઓ અન્વયેના ઉમેદવારોના પરીણામમાં કોઇપણ પ્રકારનો ફેરફાર થયેલ નથી.

(2) લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ તથા નિયમોનુસાર મળવાપાત્ર વધારાના ગુણ (જેવા કે, રમતગમત, વિધવા) સહિત મેળવેલ કુલ ગુણ મુજબ પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણીની યાદી તૈયાર કરવામાં આવેલ છે. જો આવા ઉમેદવારો દસ્તાવેજ ચકાસણી સમયે નિયમ મુજબ વધારાના ગુણ અંગે માન્ય પ્રમાણપત્ર ધરાવતા નહી હોય તો ઉમેરવામાં આવેલ વધારાના ગુણ રદ્દ થશે. જે તમામને બંધનકર્તા રહેશે.

(3) અનામત કેટેગીરીના જે ઉમેદવારોએ ઉંમરનો લાભ લીધેલ ન હોય અને જનરલ કેટેગીરીના કટ-ઓફ કે તેથી વધુ ગુણ ધરાવતા હોય તેવા ઉમેદવારોનો જનરલ કેટેગીરીની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

(4) ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં, તેમને યાંત્રિક, ક્લેરીકલ અથવા બીજી કોઇપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે તો કોઇપણ તબકકે તે રદ્દ થવા પાત્ર રહેશે.

(5) લેખિત પરીક્ષા દરમ્યાન દરેક વર્ગખંડમાં ઉપયોગ કરવામાં આવેલ CCTV કેમેરા રેકોર્ડીંગની ચકાસણીની કાર્યવાહી હાલમાં ચાલી રહેલ છે. જો કોઇ ગેરરીતી માલુમ પડશે તો સબંધિત ઉમેદવારની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે.

(6) સરકારશ્રી /નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(7) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃ ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક અન્વયે ઉમેદવારોને પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવનાર છે. જો જરૂર જણાશે તો વધુ ઉમેદવારોને પછીથી બોલાવવામાં આવશે.

(8) જાહેરાત ક્રમાંકઃ GPRB/202526/3 અન્વયે પોલીસ સબ ઇન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સ્પોર્ટ)ની કુલ-૩૫ ખાલી જગ્યા માટે પ્રથમ તબક્કામાં Qualified થયેલ કુલ-૭૦ ઉમેદવારોનું કેટેગીરીવાઇઝ કટ-ઓફ નીચે મુજબ છે.

| કેટેગીરી | પુરૂષ ઉમેદવારો માટે કટ-ઓફ માર્કસ | મહિલા ઉમેદવારો માટે કટ-ઓફ માર્કસ | દસ્તાવેજ ચકાસણી માટે Qualified થયેલ કુલ ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|
| GENERAL | ૧૨૫.૭૫૦ | - | ૩૪ |
| EWS | ૧૧૮.૨૫૦ | - | ૬ |
| SEBC | ૧૧૫.૦૦૦ | - | ૧૮ |
| SC | ૧૧૮.૫૦૦ | - | ૨ |
| ST | ૯૨.૫૦૦ | - | ૧૦ |

(9) જાહેરાત ક્રમાંકઃ GPRB/202526/4 અન્વયે હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનીક (ગ્રેડ-૧)ની કુલ-૪૫ ખાલી જગ્યા માટે પ્રથમ તબક્કામાં Qualified થયેલ કુલ-૬૩ ઉમેદવારોનું કેટેગીરીવાઇઝ કટ-ઓફ નીચે મુજબ છે.

| કેટેગીરી | પુરૂષ ઉમેદવારો માટે કટ-ઓફ માર્કસ | મહિલા ઉમેદવારો માટે કટ-ઓફ માર્કસ | દસ્તાવેજ ચકાસણી માટે Qualified થયેલ કુલ ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|
| GENERAL | ૧૦૩.૨૫૦ | - | ૪૦ |
| EWS | ૮૬.૨૫૦ | - | ૭ |
| SEBC | ૮૭.૨૫૦ | - | ૧૧ |
| SC | ૯૩.૫૦૦ | - | ૪ |
| ST | ૮૯.૦૦૦ | - | ૧ |

- પોલીસ સબ ઇન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સ્પોર્ટ)ની દસ્તાવેજ ચકાસણીની યાદી જોવા માટે **અહીં ક્લીક કરો..**
- હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનીક (ગ્રેડ-૧)ની દસ્તાવેજ ચકાસણીની યાદી જોવા માટે **અહીં ક્લીક કરો..**

(10) પોલીસ સબ ઇન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સ્પોર્ટ) તથા હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનીક (ગ્રેડ-૧)ની પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણી માટે Qualified થયેલ ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણી તા.૨૮.૧૦.૨૦૨૬ના રોજ યોજવામાં આવનાર છે. જે માટેના કોલલેટર https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી તા.૨૨.૧૦.૨૦૨૬ના રોજ કલાક ૧૪:૦૦ થી ડાઉનલોડ કરી શકાશે.

(11) ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી દરમ્યાન સાથે લાવવાના થતાં દસ્તાવેજોનું ચેકલીસ્ટ ટૂંક સમયમાં મુકવામાં આવશે.